# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19.06.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના હેઠળ 2400 કરોડ રૂપિયાના પ્રોત્સાહનોનું વિતરણ કરશે.

2) રાષ્ટ્રપતિ મુર્મુ આજે મધ્ય પ્રદેશની મુલાકાતે, બાદમાં ઓડિશા ખાતે વિવિધ પ્રોજકટ્સનું ઉદ્દઘાટન કરશે.

3) તમિલનાડુ, ગુજરાત, ઉત્તરપ્રદેશ અને હરિયાણામાં કઠોળ અને તેલીબિયાંની ટેકાના ભાવે ખરીદીને મંજૂરી અપાઈ.

4) અમેરિકાએ ઇરાની હોર્મુઝ બંદરની નાકાબંધી હટાવી.

5) હોકીમાં, ભારતીય ટીમ FIH મહિલા નેશન્સ કપની સેમિફાઇનલમાં પહોંચ્યું, આવતીકાલે ચિલી સામે ટકરાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . .

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-VBRY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના (PM-VBRY) હેઠળ બે હજાર 400 કરોડ રૂપિયાના પ્રોત્સાહનોનું વિતરણ કરશે. શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ઓગસ્ટથી, PM-VBRY હેઠળ 63 લાખથી વધુ કર્મચારીઓને ઔપચારિક કાર્યબળમાં લાવવામાં આવ્યા છે, જેમાંથી લગભગ 30 ટકા મહિલાઓ છે. તેમણે કહ્યું કે આ યોજના હેઠળ પ્રોત્સાહિત કરાયેલા 80 ટકાથી વધુ સંસ્થાઓ 25 થી ઓછા કામદારો ધરાવતા નાના ઉદ્યોગો છે.

ડૉ. માંડવિયાએ જણાવ્યું હતું કે તેમની પહેલી સરકારી નોકરી મેળવનારા યુવાનોને બે હપ્તામાં 15 હજાર રૂપિયા સુધીનું પ્રોત્સાહન મળશે. તેમણે જણાવ્યું હતું કે આ પ્રોત્સાહનો કાર્યક્રમ દરમિયાન 15 લાખથી વધુ લાભાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા મોકલવામાં આવશે. તેમણે રોજગાર સર્જનને પ્રોત્સાહન આપતા નાના અને ઉભરતા ઉદ્યોગોને ટેકો આપવામાં યોજનાની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો, જે ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ બની રહે છે.

# PM PARISH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત વિશ્વ માટે એક વિશ્વસનીય ભાગીદાર તરીકે ઉભરી રહ્યું છે. ગઈકાલે રાત્રે પેરિસમાં ભારતીય ડાયસ્પોરાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, એક સમય હતો જ્યારે દેશો વચ્ચેના સંબંધો ફક્ત વેપાર દ્વારા નક્કી થતા હતા, પરંતુ આજે, વેપારની સાથે વિશ્વાસ પણ એટલો જ મહત્વપૂર્ણ બની ગયો છે.

(BYTE PM - TRUSTED PARTNER)

શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત દેશ એવા ક્ષેત્રોમાં રોકાણ કરી રહ્યો છે જે આવનારી પેઢીઓ માટે વિકાસ, નવીનતા અને તકોને આગળ ધપાવશે. તેમણે કહ્યું કે આ ભારતની યાત્રામાં એક નિર્ણાયક સમયગાળો છે, જ્યાં આકાંક્ષાઓ નવી ઊંચાઈઓ સુધી પહોંચી રહી છે.

(BYTE – INDIA'S FUTURE)

શ્રી મોદીએ કહ્યું કે એવિયનમાં G7 બેઠકમાં, તેમણે વિશ્વાસ પર આધારિત ભાગીદારીના મહત્વ પર ભાર મૂક્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે, G7 સમિટ માટે ભારતનો સંદેશ સ્પષ્ટ હતો કે વૈશ્વિક શાસન ત્યારે જ અસરકારક રહેશે જ્યારે તે સમાવેશી હશે.

# PM RETURN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને સ્લોવાકિયાની તેમની બે દેશોની મુલાકાતના ત્રીજા તબક્કામાં પેરિસની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી નવી દિલ્હી માટે રવાના થયા છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે ફ્રાન્સની તેમની મુલાકાત પૂર્ણ થતાં આગામી સમયમાં ભારત-ફ્રાન્સ મિત્રતા વધુ મજબૂત બનશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, જોડાણ અને પરિણામોની વાત આવે ત્યારે ફ્રાન્સની આ મુલાકાત વ્યાપક રહી છે.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને ફ્રાન્સની તેમની યાત્રા પૂર્ણ કરતી વખતે પીએમ મોદી માટે હિન્દીમાં એક ખાસ વિદાય વિડિઓ સંદેશ રેકોર્ડ કર્યો હતો.

**(BYTE – EMMANUEL HINDI BYTE)**

# PRESIDENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે મધ્યપ્રદેશના ઓમકારેશ્વરમાં આંતરરાષ્ટ્રીય સિકલ સેલ દિવસ નિમિત્તે યોજાનારા કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારબાદ, તેઓ ઓડિશાના રૈરંગપુર જશે, જ્યાં તેઓ અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરશે.

આમાં AIIMS ભુવનેશ્વર દ્વારા આયોજિત તબીબી શિબિર, ખાણકામથી પ્રભાવિત ગામો માટે એક મેગા ગ્રામીણ પાઇપ પાણી પુરવઠા યોજના, બ્રહ્માકુમારીનું માતૃશક્તિ ભવન અને એક ખાસ સર્કિટ હાઉસનો સમાવેશ થાય છે.

તેમની મુલાકાતના આગામી તબક્કાના ભાગ રૂપે, રાષ્ટ્રપતિ મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ઓડિશાના મયુરભંજ જિલ્લાના પહાડપુર ગામની મુલાકાત લેશે.

# FARMAR-SEEDS BUYING

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ચાર રાજ્યો માટે લઘુત્તમ ટેકાના ભાવે કઠોળ અને તેલીબિયાંની મોટા પાયે ખરીદીને મંજૂરી આપી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે તમિલનાડુ, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં ભાવ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

ઉનાળા 2026 સીઝન માટે મંજૂરીઓ હેઠળ ઉત્તર પ્રદેશ સૌથી મોટો લાભાર્થી દેશ તરીકે ઉભરી આવ્યો છે. ગુજરાતમાં, ઉનાળા 2026 સીઝન માટે 18 હજાર 250 મેટ્રિક ટન મગની ખરીદીને મંજૂરી આપવામાં આવી છે.

મંત્રીએ રવિ માર્કેટિંગ સીઝન 2025-26 હેઠળ તમિલનાડુ માટે મગની ખરીદી મર્યાદા 885 મેટ્રિક ટનથી વધારીને 990 મેટ્રિક ટન અને હરિયાણા માટે ઉનાળા 2026 સીઝન દરમિયાન બે હજાર 115 મેટ્રિક ટન મગની ખરીદીને મંજૂરી આપી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# US NAVAL BLOCKADE-VANCE HORMUZ

અમેરિકાએ ઇરાની બંદરો અને દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશતા અને બહાર નીકળતા જહાજો પર દરિયાઈ નાકાબંધી હટાવી દીધી છે.

સોશિયલ મીડિયા X પર સેન્ટકોમે જણાવ્યું હતું કે અમેરિકી દળો હવે ઇરાન સાથે સંકળાયેલા દરિયાઈ ટ્રાફિકને અટકાવી રહ્યા નથી અને નાકાબંધી લાગુ કરવા માટે બનાવાયેલ નૌકાદળ કામગીરી સમાપ્ત થઈ ગઈ છે. ટ્રમ્પ ઇરાન વચ્ચે સમજૂતી પત્ર પર હસ્તાક્ષર કર્યાના એક દિવસ પછી આ જાહેરાત કરવામાં આવી છે. જોકે નાકાબંધી હટાવી લેવામાં આવી હોવા છતાં કરારના પાલન પર દેખરેખ રાખવા માટે યુએસ નૌકાદળ નજીકમાં જ તૈનાત રહેશે.

દરમિયાન અમેરિકાના ઉપ રાષ્ટ્રપતિ  જે.ડી. વાન્સે વાઇટ હાઉસની પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે, યુદ્ધ સમાપ્ત કરવાના કરારના ભાગ રૂપે, અમેરિકી નૌકાદળે નેવીએ એક ડઝનથી વધુ જહાજોને ઈરાની બંદરોમાંથી પસાર થવાની મંજૂરી આપી છે. હવે હોર્મુઝ સ્ટ્રેટમાંથી વધુ તેલ પસાર થઈ રહ્યું છે.

દરમિયાન, ઈરાનના રાજ્ય મીડિયાએ જણાવ્યું હતું કે ઈરાનના દક્ષિણ બંદરો પર શિપિંગ સામાન્ય થઈ ગયું છે, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટ ઈરાની લશ્કરી દેખરેખ અને નિયંત્રણ હેઠળ છે અને આ  મહત્વપૂર્ણ જળમાર્ગને પાર કરવા માટે હજુ પણ સંકલનની જરૂર છે.

# MEGHALAAY SITARMAN

કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ આજથી મેઘાલયની બે દિવસની મુલાકાતે જશે. આ મુલાકાત દરમિયાન, તેઓ આજે રી ભોઈ જિલ્લાના ભોઈ રીમ્બોંગ ખાતે ઉત્તરપૂર્વના સૌથી મોટા ઓર્ગેનિક મસાલા પ્રોસેસિંગ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે. આ પ્લાન્ટ વાર્ષિક 10 હજાર 346 મેટ્રિક ટન મસાલાનું ઉત્પાદન કરે છે જેનો સીધો લાભ સમગ્ર પ્રદેશના 5 હજાર 500 ઓર્ગેનિક ખેડૂતોને થશે.

નાણામંત્રી શિલોંગમાં "ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં લીવરેજિંગ એક્સટર્નલી એઇડેડ પ્રોજેક્ટ્સ (EAPs)" પરિષદના ઉદ્ઘાટન સત્રમાં હાજરી આપશે.

તેઓ મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમા સાથે યુ સોસો થામ ઓડિટોરિયમ ખાતે એક સમારોહનું અધ્યક્ષપદ સંભાળશે, જેમાં તેઓ મેઘાલયના બાહ્ય સહાયિત પ્રોજેક્ટ્સની યાત્રાની ઉજવણી કરશે અને 1 હજાર 200 કરોડ રૂપિયાથી વધુના ચાર પરિવર્તનશીલ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે.

# FIH WOMEN'S NATIONS CUP

ન્યુઝીલેન્ડમાં રમાય રહેલી FIH મહિલા નેશન્સ કપમાં હોકીમાં,ભારતીય ટીમે A એ ત્રણય મેચમાં જીત સાથે, સેમિફાઇનલમાં પહોંચ્યું, ભારતીય ટીમ આવતીકાલે ચિલીનો સામ ટકરાશે.

ઉરુગ્વેને 3-2 થી હરાવીને સતત ત્રીજી જીત સાથે ભારતે ગ્રુપAની ટોચનું સ્થાન મેળવ્યું છે. ભારતની તરફથી દીપિકાએ બે ગોલ કર્યા અને દીપિકા સોરેંગે બીજો ગોલ કર્યો. ઉરુગ્વેએ 13મી મિનિટે ચિઆરા એપેનિનો દ્વારા લીડ મેળવી હતી, તે પહેલાં દીપિકાએ 24મી મિનિટે પેનલ્ટી કોર્નર દ્વારા બરાબરી કરી હતી.

ત્યારબાદ સોરેંગે 43મી મિનિટે ફિલ્ડ ગોલ કરીને ભારત આગળ વધ્યું. ઉરુગ્વેની કેપ્ટન મેન્યુએલા વિલારે 55મી મિનિટેમેચ માં ડ્રો થયો, પરંતુ એક મિનિટ પછી દીપિકાએ ફરીથી ગોલ કરીને ભારત માટે વિજય મેળવ્યો. આ મેચ નેહા માટે પણ એક મહત્વપૂર્ણ ખેલાડી સાબિત થઈ હતી, નેહાએ ભારત માટે 200 આંતરરાષ્ટ્રીય મેચ રમીને દેશની ગૌરવ વધાર્યું છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભૂંડીયા

આજના તમામ અખબારોમાં અમેરિકા-ઈરાન શાંતિ કરાર અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.

1. સંદેશ લખે છે કે**,** જંગ ખતમ: **US-**ઈરાનના સમજૂતી પર હસ્તાક્ષર.
2. દિવ્ય ભાસ્કર લખે છે કે**, 7** હજાર **500** જીવ**, 162** લાખ કરોડ ફૂંક્યા**,** ત્યારે શાંતિ.
3. ગુજરાત સમાચાર લખે છે કે**,** યુક્રેન-રાશિયાનું યુદ્ધ: ટ્રમ્પનો નવો "સનેપાત".
4. નવગુજરાત સમયે લખ્યું છે કે**,** ભારોભાર અવિશ્વાસ વચ્ચે ટ્રમ્પ-ઈરાનના શાંતિ કરાર પર હસ્તાક્ષર.
5. અને ફૂલછાબે લખ્યું છે કે**,** શાંતિકાળ શરૂ: અમેરિકા-ઈરાનની અંતે સમજૂતી પર મહોર.
6. સ્થાનિક સમાચારોમાં**,** અલ-નીનો સામે ગુજરાત સરકારનું "મેગા પ્લાનિંગ": મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાઈ હાઇ-લેવલ બેઠક**,** સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ - બાલાસિનોરમાં પોણા **6** ઇંચ વરસાદ**,** પ્રદૂષણ માટે **1.63** કરોડના દંડ સાથે **773** કિલો પ્લાસ્ટિક જપ્ત કરાયું**,** નીટ પરીક્ષા માટે પશ્ચિમ રેલવે **3** સ્પેશિયલ ટ્રેન દોડાવશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.